GJKH070002882025

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ | ૧૪/૦૫/૨૦૨૫ | | |
| કેસ દાખલ તારીખ | ૧૪/૦૫/૨૦૨૫ | | |
| કેસ ફેંસલ તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૨ | ૧૪ |

==========================================================

# ઠાસરાના મહેરબાન જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર) સાહેબની અદાલતમાં, મુ.ઠાસરા સમક્ષ

==========================================================

ફોજદારી કેસ નંબર–૧૮૨/૨૦૨૫
આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર

(ઠાસરા પો.સ્ટે. એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૦૨૫૦૦૨૬/૨૦૨૫)

વિરૂધ્ધ

આરોપી :– ભારતભાઈ સરદારભાઈ રાઠોડ, ઉં.વ.૪૫

રહે. ખેરાના મુવાડા, નિશાળવાળુ ફળીયુ,

તા.ઠાસરા, જિ.ખેડા

==========================================================

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.પટેલ
આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી એન.કે.વાઘેલા

==========================================================

==========================================================

ગુનો:– ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ..

==========================================================

==================================================

**સમક્ષ– શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર, જ્યુડિ. મેજી. ફર્સ્ટ કલાસ, ઠાસરા**

==================================================

**:: ઠ રા વ ::**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યાના સુમારે મોજે ખેરાના મુવાડા, સીમ વિસ્તારમાં ફરીયાદીના ખોડીયાવાળા ખેતરના શેઢાની માપણી કરી થોર રોપતી વખતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ નજીક જઈ હાલના આરોપીને જણાવેલ કે, કાલે આવો બોલતો હતો તેમ કહી ગમેતેમ ગાળો બોલતા બોલતા પોતાના હાથમાંનું ધારીયુ ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જમણા હાથે મારી ફ્રેકચરની ઈજા કરી તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ નજીકમાંથી આવી ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને ગમેતેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડ તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ખેડા–નડિયાદના જાહેરનામાનો ભંગ કરી **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આ કામના ફરીયાદીએ ઠાસરા પોલીસ મથકે ફરીયાદ આપતા, ઠાસરા પોલીસે ઠાસરા પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૦૨૫૦૦૨૬/૨૦૨૫ થી **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** મુજબની ફરીયાદ નોંધેલ. ત્યારબાદ ઠાસરા

પોલીસે તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૫:૩૦ વાગે આરોપીને પકડી અટક કરી આરોપીને તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૭:૦૦ વાગે અત્રેની અદાલત સમક્ષ હાજર કરતા આરોપીને પોલીસ વિરુધ્ધ કોઈ ફરીયાદ ન હોય આરોપીને જયુડિશિયલ કસ્ટડીમાં લેવામાં આવેલ. ત્યારબાદ આરોપી તરફે અત્રેની અદાલતમાં ક્રિ.પ્રા.અ.નં.૧૯/૨૦૨૫ થી જામીન અરજી દાખલ કરેલ, જે અરજી લગત તા.૧૧/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ કરી આરોપીની જામીન અરજી નામંજૂર કરેલ. જેથી આરોપીએ નામ. સેશન્સ કોર્ટ, નડિયાદ ખાતે ક્રિ.પ્રા.અ.નં.૧૭૮/૨૦૨૫ થી રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ. જે અરજી લગત નામ. સેશન્સ કોર્ટે તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ કરી આરોપીની જામીન અરજી રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કર્યેથી શરતોને આધિન મંજૂર કરેલ. જે નામ. સેશન્સ કોર્ટના હુકમના આધારે અત્રેની અદાલતે આરોપીને જામીન ઉપર મુકત કરેલ. ત્યારબાદ તપાસના અંતે ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧ (૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** મુજબના ગુનાનું ચાર્જશીટ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે, જેને હાલનો ફોજદારી કેસ નંબર–૧૮૨/૨૦૨૫ પડેલ છે.

(૩) આ કામના આરોપી અત્રેની અદાલતમાં તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ ચાર્જશીટ સાથે હાજર રહેલ હોય આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ ના પ્રબંધ મુજબ પોલીસ તપાસના કેસ કાગળોની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને તે આક્ષેપાયેલ ગુના બાબતે અત્રેની અદાલતે આરોપીનું આંક–૦૪ થી નિવેદન (પ્લી) નોંધતા તેમાં આરોપીએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ગુનો કબુલ કરેલ નથી તેમ જણાવતા આરોપી સામે કેસની કાર્યવાહી અદાલત ધ્વારા આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો:–**

| આંક | સાહેદનું નામ | પુરાવો નોંધેલ તારીખ |
|---|---|---|
| ૦૮ | ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૦ | સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૧ | પંચસાહેદ શંકરભાઈ સોમાભાઈ પરમારની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૩ | પંચસાહેદ માનસિંહ સરદારભાઈ રાઠોડની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૫ | પંચસાહેદ અમીનભાઈ અભેસિંહ રાઠોડની જુબાની | ૦૫/૦૨/૨૦૨૬ |
| ૧૭ | સાહેદ શાભચભાઈ પુનાભાઈ રાઠોડની જુબાની | ૦૫/૦૨/૨૦૨૬ |
| ૧૮ | પંચસાહેદ જશવંતભાઈ રમણભાઈ રાઠોડની જુબાની | ૦૫/૦૩/૨૦૨૬ |
| ૧૯ | સાહેદ ઉર્મિલાબેન સચિનભાઈ પરમારની જુબાની | ૦૫/૦૩/૨૦૨૬ |
| ૨૦ | સાહેદ અમિષાબેન રોશનભાઈ સોઢાપરમારની જુબાની | ૦૫/૦૩/૨૦૨૬ |
| ૨૧ | સાહેદ કલ્પેશકુમાર વિક્રમભાઈ રાઠોડની જુબાની | ૦૯/૦૪/૨૦૨૬ |
| ૨૨ | તબીબી સાહેદ ડો. યશ મિતેશભાઈ રાઠોડની જુબાની | ૦૯/૦૪/૨૦૨૬ |
| ૨૫ | તબીબી સાહેદ ડો. મિતેશ અજયકુમાર શાહની જુબાની | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૩૦ | ત.ક.અ. જિતેન્દ્રસિંહ ભીમસિંહ ચાવડાની જુબાની | ૧૪/૦૫/૨૦૨૬ |

**દસ્તાવેજી પુરાવો:–**

| આંક | દસ્તાવેજની વિગત | દસ્તાવેજ રજુ થયેલ તારીખ |
|---|---|---|
| ૦૯ | ફરીયાદ | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૫/૦૨/૨૦૨૬ |
| ૨૩ | ઈજા પામનાર પ્રવિણભાઈ રાઠોડનું એમ.એલ.સી. | ૦૯/૦૪/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| ૨૬ | દવાખાનાનું ફેરબદલી ફોર્મ | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૨૭ | ઈજા પામનાર પ્રવિણભાઈ રાઠોડનું જનરલ હોસ્પિટલ, નડિયાદે આપેલ ટ્રાન્સફર ફોર્મ | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૨૮ | ઈજા પામનાર પ્રવિણભાઈ રાઠોડનું જનરલ હોસ્પિટલ, નડિયાદનું મેડિકલ સર્ટીફીકેટ | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૨૯ | ઈજા પામનાર પ્રવિણભાઈ રાઠોડનો એક્ષરે | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૩૧ | ટેલીફોન વર્ધી | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૩૨ | ત.ક.અમલદારે સીવીલ હોસ્પિટલ, નડિયાદને દર્દીનું પ્રાથમિક સારવાર સર્ટીફીકેટ મેળવવા લખેલ ચાદી | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૩૩ | ત.ક.અમલદારે અત્રેની અદાલતને લખેલ કલમ વધારાનો રીપોર્ટ | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૩૪ | ઈજા પામનાર પ્રવિણભાઈ રાઠોડનું વિશ્વા સર્જિકલ હોસ્પિટલ, ઉમરેઠનું એમ.એલ.સી. | ૧૪/૦૫/૨૦૨૬ |
| ૩૫ | હથીચાર બંધીનું જાહેરનામુ | ૧૪/૦૫/૨૦૨૬ |

(૫) આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો આ કામના આરોપી વિરૂધ્ધનો પુરાવો મળી આવેલ હોય આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં આરોપીએ તેઓની વિરુધ્ધ પડેલ મુખ્યત્વે હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, ''અમોએ આવો કોઈ ગુનો કરેલ નથી કે અમો ભારતભાઈ સરદારભાઈએ આવુ કોઈ ધારીયુ મારેલ નથી તેમ છતાં ખોટી ફરીયાદ ઉભી કરી અમોને ગુનેગાર બનાવી ફરીયાદ ખોટી કરેલ છે. અમો નિર્દોષ છીએ.'' ત્યારબાદ આ કામે બન્ને પક્ષોની દલીલો સાંભળવા આવેલ છે.

(૬) આ કામે વિ.એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યાના સુમારે મોજે ખેરાના મુવાડા, સીમ વિસ્તારમાં ફરીયાદીના ખોડીયાવાળા

ખેતરના શેઢાની માપણી કરી થોર રોપતી વખતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ નજીક જઈ હાલના આરોપીને જણાવેલ કે, કાલે આવો બોલતો હતો તેમ કહી ગમેતેમ ગાળો બોલતા બોલતા પોતાના હાથમાંનું ધારીયુ ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જમણા હાથે મારી ફ્રેકચરની ઈજા કરી તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ નજીકમાંથી આવી ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને ગમેતેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડ તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ખેડા–નડિયાદના જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ ગુનો કરેલ છે. ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ છે. આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

આ કામે બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોએ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. ત.ક.અમલદારના પુરાવા મુજબ પણ આરોપીની સંડોવણી સાબિત થતી નથી. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર વિનંતી કરેલ છે.

(૭) આ કેસનો નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ એવુ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ

તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યાના સુમારે મોજે ખેરાના મુવાડા, સીમ વિસ્તારમાં ફરીયાદીના ખોડીયાવાળા ખેતરના શેઢાની માપણી કરી થોર રોપતી વખતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ નજીક જઈ હાલના આરોપીને જણાવેલ કે, કાલે આવો બોલતો હતો તેમ કહી ગમેતેમ ગાળો બોલતા બોલતા પોતાના હાથમાંનું ધારીયુ ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જમણા હાથે મારી ફ્રેકચરની ઈજા કરી તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ નજીકમાંથી આવી ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને ગમેતેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડ તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ખેડા–નડિયાદના જાહેરનામાનો ભંગ કરી **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબનો ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

**મુદ્દા નં.(૧) તથા (૨) ની સંયુકત ચર્ચા :–**

(૯) આ કેસમાં મારી સમક્ષ ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧ અને ૨ એક જ બનાવના ભાગરૂપે હોય

અને એક જ બનાવના પરિણામ સ્વરૂપ હોય તેમજ એકબીજા સાથે સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્ત ટાળવા સારૂ બન્ને મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

(૧૦) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૮ થી સાહેદ નંબર–૧ ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''હું અભણ છું. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા સવારે નવ વાગ્યાના અરસામાં અમારા ખેતરે બનેલ. બનાવના દિવસે ભારતભાઈ સરદારભાઈનાઓએ મારા પતિને ખેતરની માપણી કરવા માટે ખેતરમાં બોલાવેલ. જેથી મારા પતિ ખેતરે ગયેલ તે વખતે હું ઘરે હાજર હતી અને મારાને મારા કુવા શાભયભાઈ પુનાભાઈ ઘરે સાડા નવ વાગ્યાના અરસામાં લાવેલા અને મારા પતિ લોહીલુહાણ હાલતમાં હતા. જેથી મારા પતિને કહયુ કે, શું વાગેલ છે તેઓએ જણાવેલ કે વિશાલભાઈ ભરતભાઈ રાઠોડનાઓએ મને ધારીયુ મારેલુ અને હાથ કાપી નાખેલ છે. મારા પતિને ધારીયુ જમણા ખભાથી નીચેના ભાગે તથા જમણી કોણીના નીચેના ભાગે મારેલ હતુ. ત્યારબાદ મારા જેઠના દીકરો કલ્પેશ આવેલો અને મારા પતિને ગાડીમાં બેસાડીને ઠાસરા સરકારી દવાખાને લઈ ગયેલા અને ઠાસરા સરકારી દવાખાને ૧૦૮ માં નડીયાદ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા. ત્યાં મારા પતિને સારવાર માટે દાખલ કરેલ અને ત્યાંથી મારા પતિને અમદાવાદ વધુ સારવાર માટે લઈ ગયેલ. હું એકલી હોઉં જેથી કયાંય લઈ ગયેલ નહી. ત્યારબાદ મારા સગાવ્હાલા આવતા મારા પતિને ઉમરેઠ હોસ્પિટલમાં લઈ ગયેલા, જે હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાં ઓપરેશન કરાવેલ. બનાવ અંગેની મેં ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારા અંગૂઠાનું નિશાન છે, જેને રજુ દા.આંક–૦૯ આપવામાં આવે છે.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર ફરીયાદીએ એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ બન્યો તે વખતે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે બનાવની જાણ મારા પતિએ કરેલી તેથી મેં જાણ્યુ. એ વાત ખરી છે કે બનાવ મેં

નજરે જોએલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ બે દિવસ પછી આપેલી. એ વાત ખરી નથી કે મારા પતિ થોરીયાની વાડ કરતા હતા અને ધારીયુ જાતે વાગી ગયેલુ.''

(૧૧) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૦ થી સાહેદ નંબર–૧૧ સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''મેં ધોરણ દસ સુધી અભ્યાસ કરેલો છે. અમારુ ખેરવાના મુવાડા ગામની સીમમાં ખોડીયાવાળા તરીકે ખેતર તરીકે ઓળખાતુ મારુ ખેતર આવેલુ છે. જે ખેતર મેં અરવિંદભાઈ અભેસિંહ રાઠોડને ત્યાં ગીરો મુકેલ છે. બનાવ તારીખ ૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારે સાડા નવ વાગ્યાના અરસામાં મારા ખોડીયાવાળા ખેતરમાં બનેલ. તા.૦૩/૦૨/૨૦૨૫ ના રોજ ભારતભાઈ સરદારભાઈએ અમારા બન્નેના ખેતર વચ્ચેનો શેઢો તોડી નાખેલ. જેથી મેં તેઓને ઠપકો આપેલ. તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારે નવ સાડા નવ વાગ્યાના અરસામાં જુવાનભાઈ ચતુરભાઈ રાઠોડ મારા ઘરે આવેલા અને તેઓએ મને કહેલ કે, ખેતરમાં ભરતભાઈ આવેલા છે અને ખેતર માપીને થોરીયો રોપવા માટે કહેલ અને તેઓની પાછળ પાછળ હું ખોડીયાવાળા ખેતરે ગયેલ અને ત્યાં ભરતભાઈ સરદારભાઈ રાઠોડ તથા વિશાલભાઈ સરદારભાઈ રાઠોડ, જુવાનસિંહ ચતુરભાઈ, ફતાભાઈ દલાભાઈ, શાભચભાઈ પુનાભાઈનાઓ હાજર હતા. અમોએ માપણી કરી થોરીયા રોપેલા ત્યારબાદ હું ખેતરમાં ઉભેલ હતો તે વખતે ભરતભાઈનો દીકરો વિશાલે ધારીયુ મને જમણા હાથના બાવળા પાસે મારી દીધેલ. જેથી હું લોહીલુહાણ થઈ ગયેલ તેમજ ભારતભાઈ સરદારભાઈ એ મને કહેલ કે, આજે તો તને જીવતો જવા દઉ છું, હવે પછી તને જીવતો જવા દઈશ નહી, ખુન કરવાનુ છે તારુ. તેમજ ભારતભાઈએ મને ગડદાપાટુનો  માર મારેલ. મને ધારીયુ બે વાર મારેલુ હોય જેથી બીજુ વાર ધારીયુ મને જમણા હાથે કોણીથી નીચેના ભાગે વાગેલ. ત્યારબાદ હું બેભાન થઈ જતા તેઓ ત્યાંથી ભાગી ગયેલા. ત્યારબાદ મારા કુઆ શાભચભાઈ પુનાભાઈ મને ઘરમાં મુકવા આવેલા અને ત્યાંથી મારી પત્ની તથા મારો ભત્રીજો સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાં

થી નડીયાદ લઈ ગયેલા અને નડીયાદ મને દાખલ કરેલ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળુ ધારીયુ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, આ ધારીયુ આરોપી પાસે હતુ તે નથી. મને જે ધારીયુ મારેલ તે ધારીયુ લાકડામાં રીવેટથી ફીટ કરેલ હતુ અને જાડુ ધારીયુ હતુ. નડીયાદ સીવીલ હોસ્પિટલથી સારવાર માટે અમદાવાદ લઈ જવાનુ કહેલ, પરંતુ મારી પત્ની એકલી હોય વિશ્વા હોસ્પિટલમાં ઉમરેઠમાં સારવાર લીધેલ. આ બનાવની મારી પત્નીએ પોલીસમાં ફરીયાદ આપેલી. પોલીસે મારી પુછપરછ કરેલી નહી. આરોપીને જોએથી ઓળખી શકુ, જે પૈકી ભારતભાઈ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે અમારા ગામના જુવાનભાઈ ચતુરભાઈ રાઠોડનાઓ આવેલા હતા અને તમારા ખેતરમાં માપણી કરવાની છે એટલે તમે ખેતરમાં ચાલો તેવુ કહેલુ. એ વાત ખરી છે કે તેઓ એ તેવુ કહેલુ કે, ભારતભાઈ તથા ગામના બીજા માણસો પણ આવવાના છે જેથી હું તેમની સાથે ખેતરમાં ગયેલો. એ વાત ખરી છે કે જે નકકી કર્યુ તે શેઢા પર અમે અને ભારતભાઈએ થોરીયા રોપેલા. એ વાત ખરી છે કે થોરીયા રોપ્યા બાદ ગામના માણસો જતા રહેલા. એ વાત ખરી છે કે આ ધારીયુ મને ભારતભાઈએ મારેલુ નહી. સાહેદ જણાવે છે કે વિશાલે મારેલુ. એ વાત ખરી નથી કે હું શેઢા પર થોરીયા રોપતો હોય જેથી ધારીયુ મને વાગેલ.''

(૧૨) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૧ થી સાહેદ નંબર–૪ પંચસાહેદ શંકરભાઈ સોમાભાઈ પરમારને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''આશરે નવેક મહિના પહેલા હું મારા સસરા ભારતભાઈ સરદારભાઈ સાથે પોલીસ સ્ટેશન ગયેલ તે વખતે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામાની વિગત મેં વાંચેલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં અનુક્રમ ૧ પર મારી સહી છે, જેને રજુ દા.આંક–૧૨ આપવામાં આવે છે. મારી

હાજરીમાં કોઈ ધારીયુ રજુ કરેલ હોય અને પોલીસે કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી.'' **આ તબક્કે આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી બી.એસ.એ.ની કલમ–૧૫૭ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર પંચસાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે પોલીસે ફકત મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી. મને કોઈ મુદ્દામાલ બતાવેલ નહી.''

(૧૩) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૩ થી સાહેદ નંબર–૫ પંચસાહેદ માનસિંહ સરદારભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''આરોપી ભારતભાઈ મારા ભાઈ થાય છે. આશરે નવેક મહિના પહેલા હું ભારતભાઈ સરદારભાઈ સાથે પોલીસ સ્ટેશન ગયેલ તે વખતે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામાની વિગત મેં વાંચેલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મને આંક–૧૨ નું અસલ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં અનુક્રમ નં.૨ પર મારી સહી છે. મારી હાજરીમાં કોઈ ધારીયુ રજુ કરેલ હોય અને પોલીસે કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી.'' **આ તબક્કે આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી બી.એસ.એ.ની કલમ–૧૫૭ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદ**

**પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર પંચસાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે પોલીસે ફકત મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી. મને કોઈ મુદ્દામાલ બતાવેલ નહી.''

(૧૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૫ થી સાહેદ નંબર–૨ પંચસાહેદ અમીનભાઈ અભેસિંહ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ સાંજના સમયે હું મારા ખેતરેથી ઘરે આવતો હતો તે વખતે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામાની વિગત મેં વાંચેલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મારી હાજરીમાં પોલીસે કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી. મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં અનુક્રમ ૧ પર મારી સહી છે, જેને રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે. મારી હાજરીમાં કોઈ ધારીયુ રજુ કરેલ હોય અને પોલીસે કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી.'' **આ તબકકે આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી બી.એસ.એ.ની કલમ–૧૫૭ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર પંચસાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે હું ખેરાના મુવાડા સીમ વિસ્તારમાંથી રસ્તે પસાર થતો હતો ત્યાં પોલીસે મને ઉભો રાખી મારી એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. એ વાત ખરી છે કે સહી કર્યા સિવાય હું બીજુ કઈ જાણતો નથી.''

(૧૫) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૭ થી સાહેદ નંબર–૧૦ સાહેદ શાભયભાઈ પુનાભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''હું ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડ તથા આરોપી ભારતભાઈ સરદારભાઈનાઓને ઓળખુ છું. તેઓ વચ્ચે કોઈ ઝગડો થયેલ કે કેમ તેની મને ખબર નથી. કૈલાશબેને ભારતભાઈ વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ કરેલ કે કેમ તે અંગે હું કઈ જાણતો નથી. પોલીસે મારો જવાબ લીધેલ જેમાં મે જણાવેલ કે હું મારા ખેતરેથી ઘરે જતો હતો પ્રવિણભાઈ ખેતરમાં ઉંધા પડેલા હતા અને તેમને હાથના ભાગે વાગેલ હતુ, જેથી હું પ્રવિણભાઈને ઘરે લાવી ખાટલામાં બેસાડી ત્યારબાદ હું મારા ઘરે જતો રહેલ.'' **આ તબકકે આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી બી.એસ.એ.ની કલમ–૧૫૭ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર પંચસાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું મારા ખેતરથી ઘરે આવતો હતો. એ વાત ખરી છે કે પ્રવિણભાઈને કોઈએ શું માર્યુ તે હું જણાવી શકુ નહી. એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.''

(૧૬) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૮ થી સાહેદ નંબર–૩ પંચસાહેદ જશવંતભાઈ રમણભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ સાંજના સમયે હું મારા ખેતરેથી ઘરે આવતો હતો તે વખતે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામાની વિગત મેં વાંચેલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી

સંભળાવેલી નહી. મારી હાજરીમાં પોલીસે કોઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી. મને આંક–૧૬ થી રજુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં અનુક્રમ નં.૨ ઉપર મારી સહી છે જે ઓળખુ છું.'' **આ તબકકે આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી બી.એસ.એ.ની કલમ–૧૫૭ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર પંચસાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે પોલીસે મારી એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. એ વાત ખરી છે કે સહી કરી ત્યારે હું અને પોલીસવાળા જ હતા. એ વાત ખરી છે કે પંચનામામાં શું લખેલ હતુ તેની મને કોઈ ખબર નથી. એ વાત ખરી છે કે સહી કર્યા સિવાય હું બીજુ કઈ જાણતો નથી.''

(૧૭) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૯ થી સાહેદ નંબર–૮ સાહેદ ઉર્મિલાબેન સચિનભાઈ પરમારને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડ મારા મમ્મી થાય છે. આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓને ઓળખુ છું, જેમાં મારા કુટુંબી થાય છે. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા સવારે સાડા નવ વાગ્યાના અરસામાં અમારા ખેતરે બનેલ. બનાવ વખતે હું મારી સાસરીમાં અમદાવાદ ખાતે હતી. બનાવની જાણ મને મારા મમ્મીએ ફોન કરી કરેલ. મારી મમ્મીએ મને ફોનમાં જણાવેલ કે, તારા પપ્પા ખેતરમાં ગયા હતા તે વખતે વિશાલ ભારતભાઈનાઓએ હાથ ઉપર ધારીયુ મારેલ તેમ કહેલુ. જેથી હું તથા મારા પતિ સચિનભાઈનાઓ નડીઆદ હોસ્પિટલમાં ગયેલા. મને મારા પપ્પાને નડિઆદ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જઈએ છીએ તેવુ મારી મમ્મીએ ફોન ઉપર

કહેલ. હું નડીઆદ હોસ્પિટલમાં ગયેલ અને ત્યાં જોયેલ તો મારા પપ્પાને હાથ ઉપર ઈજા થયેલ અને તેમની સારવાર ચાલતી હતી. બનાવ મારા પપ્પા ખેતરે ગયેલા તે વખતે ભારતભાઈએ અમારા ખેતરનો શેઢો ખેડી નાખેલો હોય જેથી મારા પપ્પાએ તેમને કહેલ કે, મારો શેઢો કેમ ખેડી નાખેલ છે તે બાબતે બનેલ. બનાવના આગલા દિવસે મારા પપ્પાને ભારતભાઈએ ખેતરમાં શેઢાની માપણી માટે બોલાવેલ અને માપણી કરેલ. ત્યારબાદ મારા પપ્પા ઘરે જવા નીકળેલ તે વખતે મારી દીધેલ. આ બનાવ અંગેની ફરીયાદ મારા મમ્મીએ પોલીસમાં આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ બન્યો તે વખતે હું અમદાવાદ મુકામે મારી સાસરીમાં હતી. એ વાત ખરી છે કે બનાવની જાણ મારા મમ્મીએ કરેલી તેથી મેં જાણ્યુ. એ વાત ખરી છે કે બનાવ મેં નજરે જોએલ નથી. એ વાત ખરી છે કે બનાવની મને કોઈ જાત માહિતી નથી.''

(૧૮) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૦ થી સાહેદ નંબર–૯ સાહેદ અમિષાબેન રોશનભાઈ સોઢાપરમારને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડ મારા મમ્મી થાય છે. આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓને ઓળખુ છું, જેમાં મારા કુટુંબી થાય છે. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા સવારે સાડા નવ વાગ્યાના અરસામાં અમારા ખેતરે ખેરાની મુવાડી ખાતે બનેલ. બનાવ વખતે હું ખેતરે કામ કરવા માટે ગયેલ અને કામ કરી બપોરે બાર વાગે ઘરે આવેલી તે વખતે મને જાણવા મળેલ કે, ભરતભાઈના દીકરા વિશાલે ધારીયુ હાથ ઉપર મારી દીધેલ છે. મારા પપ્પા ખેતરે ગયેલ હતા. મારા પપ્પાને ભરતભાઈએ ખેતરની માપણી કરવા માટે બોલાવેલા હતા અને ખેતરની માપણી કરી ઘરે પરત આવતા હતા તે વખતે વિશાલે મારા પપ્પાને હાથ ઉપર ધારીયુ મારી દીધુ હતુ. મારા પપ્પાને વિશાલે ધારીયુ મારેલ તે વખતે ભારતભાઈ તથા અમારા ગામના બે ત્રણ

વ્યકિતઓ હાજર હતા. મારા પપ્પાને મારા કાકાનો દીકરો કલ્પેશ સારવાર માટે ઠાસરા સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યારબાદ વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પિટલે લઈ ગયેલા. હું નડીઆદ સીવીલ હોસ્પિટલે જઈને જોયેલ તો મારા પપ્પાને હાથે પાટો બાંધેલ હતો. મારા પપ્પાને વિશાલે માર્યુ તે સિવાય બીજા કોઈએ મારેલ નહી. મારા પપ્પાને વિશાલે મારેલ તે મારી નાની બહેન ઉર્વશીએ કહેલ તથા મહોલ્લાના છોકરાઓ પણ કહેતા હતા કે તારા પપ્પાને વિશાલે ધારીયુ મારી હાથ કાપી નાખેલ છે. આ બનાવ અંગેની ફરીયાદ મારા મમ્મીએ પોલીસમાં આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવ બન્યો તે વખતે હું મારા ગામમાં મજૂરી કામે ગયેલી. એ વાત ખરી છે કે બનાવની જાણ મને વાતોવાતથી થયેલી. એ વાત ખરી છે કે બનાવ મેં નજરે નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવની મને કોઈ જાત માહિતી નથી.''

(૧૯) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૧ થી સાહેદ નંબર–૭ સાહેદ કલ્પેશકુમાર વિક્રમભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''હું ધોરણ–૧૨ સુધી ભણેલો છું. બનાવની તારીખ અને મહિનો મને ખબર નથી, પરંતુ બનાવ આશરે એક વર્ષ પહેલા અમારા ઘરની પાછળ આવેલ અમારા ખેતરમાં સવારના સાડા દસ અગિયાર વાગ્યાના અરસામાં બનેલો હતો. બનાવના દિવસે હું મારા ઘરે હતો અને મારા કાકા પ્રવિણભાઈ તથા શાભઈભાઈ પુનાભાઈ તથા જવાનભાઈ ચતુરભાઈ તથા ફતાભાઈ દલાભાઈ અમારા કાકાની તથા ભારતભાઈની જમીનની માપણી કરવાની હોય જેથી તેઓ ખેતરે ગયેલા હતા અને જમીનની માપણી કરીને ફતાભાઈ દલાભાઈ, શાભઈભાઈ પુનાભાઈ અને જવાનભાઈ ચતુરભાઈ તેઓન ઘરે જવા નીકળેલા અને મારા કાકા ખેતરે હતા અને થોરીયા રોપતા હતા તે વખતે ભારતભાઈ સરદારભાઈ તથા વિશાલભાઈ મારા કાકા પાસે આવેલા અને મારા કાકાને ગરદન પર ધારીયુ મારવા જતા હતા પરંતુ ધારીયુ મારા કાકાને ડાબા હાથે ખભાના

ભાગે વાગેલુ તેમજ ડાબા હાથે ધારીયાની અણી કાંડાથી ઉપરના ભાગે વાગેલ. બુમાબુમ થતા હું ખતેરમાં ગયેલો. ખેતરે જઈ જોયેલ તો મારા કાકા પ્રવિણભાઈને જમણા હાથના ખભા ઉપર વાગેલુ હતુ અને મારા કાકાને પૂછતા તેઓએ મને જણાવેલ કે વિશાલભાઈએ મને ધારીયુ મારેલ છે. આ ઝઘડાનું કારણ એ હતુ કે, ભારતભાઈ અને મારા કાકા પ્રવિણભાઈના ખેતર વચ્ચેનો શેઢો ભારતભાઈ અમને કહેતા હતા કે તમો શેઢો ખોતરી નાખો છો તેવુ કહેતા હતા તે હતુ. ભારતભાઈ અને વિશાલભાઈ અમારા કુટુંબી થાયછે. પ્રવિણભાઈએ મને વિશાલે ધારીયુ મારેલ તે કહેલ તે સિવાય બીજુ કઈ કહેલ નહી. મારા કાકા પ્રવિણભાઈને હું સારવાર માટે ઠાસરા સરકારી દવાખાને લઈ ગયેલો. ત્યારબાદ વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પિટલે લઈ ગયેલા. મારા કાકા પ્રવિણભાઈએ ઉમરેઠ વિશ્વા હોસ્પિટલમાં પણ સારવાર લીધેલી. આ બનાવ અંગેની ફરીયાદ મારા કાકી કૈલાશબેનનાઓએ પોલીસમાં આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો. પોલીસને મેં બનાવવાળી જગ્યા બતાવેલી જેનું પોલીસે પંચનામુ કરેલુ.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ જવાબમાં એવી હકીકત લખાવેલ છે કે બનાવના સમયે ટેમલી ગામે નોકરી કરવા ગયેલ અને તે વખતે મારી પત્ની આશાબેનનો ફોન આવેલો. એ વાત ખરી છે કે આ બનાવની જાણ મને પ્રવિણભાઈ તથા બીજા માણસોએ કરેલી. એ વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયેલ નહી. એ વાત ખરી છે કે ધારીયુ ભારતભાઈએ મારેલ નહી પરંતુ વિશાલભાઈએ મારેલુ.''

(૨૦) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૨ થી સાહેદ નંબર–૧૨ સાહેદ ડો. યશ મિતેશભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ તેઓ ઠાસરા સી.એચ.સી ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો. તે દિવસે બપોરના કલાક ૧:૦૦ વાગે દર્દી નામે પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ, ઉ.વ.૪૨, રહે.ખેરાના

મુવાડાનાઓ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. તેઓએ હિસ્ટ્રી જણાવેલ કે, ખેતરમાં અંબાજી ફળીયુ, તળાવ નજીક, ખેરાના મુવાડા સવારના ૧૦:૦૦ વાગે વિશાલ બી. રાઠોડ અને ભરતભાઈ એસ. રાઠોડ આ બંને સાથે જમીન તકરાર બાબતમાં વિશાલે ધારીયાથી હુમલો કરેલ. તેઓને મેં તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ આવેલ. (૧) ઓપન ફ્રેકચર જમણા હાથે હતુ. (૨) કલોઝ ફ્રેકચર ખભાના નીચેના ભાગે હતા. (૩) કપાયેલો ઘા ૨ થી ૩ ઈંચનો જમણા કાંડાએ હતો. ઈજાનું કારણ ધારીયાથી મારવાનું હતુ ઈજા તાજી હતી અને છથી આઠ અઠવાડીયામાં સાજી થઈ શકે તેવી હતી. મારા અભિપ્રાય પ્રમાણે દર્દીને થયેલ ત્રણેય ઈજાઓ ધારીયાથી થઈ શકે તેવી હતી. મને એમ.આર નં.૧૬/૨૦૨૫, આર્ટીકલ નં.૧ વાળુ ધારીયુ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છું કે, દર્દીને આ ધારીયાથી ઉપર જણાવેલ ઈજાઓ થઈ શકે. દર્દીને મેં સારવાર અંગેનું સર્ટીફીકેટ આપેલ. મને સારવાર સર્ટીફીકેટ બતાવવામાં આવે છે, જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી તેમજ સીકકો છે જે ઓળખુ છું જેને રજુ દાખલ આંક–૨૩ આપવામાં આવે છે. મેં આ અંગેની ઠાસરા પોલીસ સ્ટેશનમાં ટેલીફોનીક વર્ધી લખાવેલ. મેં તેઓને પ્રાથમિક સારવાર આપેલી તેમજ વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરેલા.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે મેં દર્દીને ફકત પ્રાથમિક સારવાર કરી આગળ રીફર કરેલા. એ વાત ખરી છે કે ઈજા પામનારે હિસ્ટ્રી જણાવેલ જેમાં ભારતભાઈ સરદારભાઈએ કોઈ ઈજા કરેલ નથી તેમ જણાવેલ.''

(૨૧) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૫ થી સાહેદ નંબર–૧૩ સાહેદ ડો. મિતેશ અજયકુમાર શાહને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ હું નડીઆદ સીવીલ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન બપોરના કલાક ૨:૩૦ વાગે દર્દી નામે પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ, ઉ.વ.૪૨, રહે.ખેરાના મુવાડાનાઓ

સી.એચ.સી., ઠાસરાના ફેરબદલી ફોર્મ સાથે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. તેઓએ હિસ્ટ્રી આપેલ કે, તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૧૦:૦૦ વાગે મારા ખેતરમાં વિશાલભાઈ ભરતભાઈ રાઠોડનાએ ધારીયુ મારેલ તેમજ જુવાનભાઈ ચતુરભાઈ તથા ફતાભાઈ અને પ્રવિણભાઈ કુલાભાઈનાઓ સાથે હતા. હું ફેરબદલી ફોર્મ લાવેલ છું જેમાં સી.એચ.સી.ના મેડિકલ ઓફિસરની સહી છે, જેને રજુ દાખલ આંક–૨૬ આપવામાં આવે છે. મેં દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ આવેલ. (૧) તેમને જમણા હાથના ખભાથી નીચેના ભાગે અન્ય બહારની બાજુએ ૧.૫ × ૦.૨ × ૦.૨ સે.મી.નો એક કપાયેલો છુંદાયેલો ઘા હતો તથા તે ભાગે સોજો આવી ગયેલો હતો અને હલનચલન મર્યાદિત હતુ. (૨) તેમજે જમણા હાથમાં કોણીથી નીચેના ભાગે ૧×૦.૨×૦.૨ સે.મી.ના માપનો કપાયેલો છુંદાયેલો ઘા હતો તથા તેમાંથી લોહી આવતુ હતુ અને તેની બોર્ડર લાલ કલરની હતી. તેમના જમણા હાથનો એકસરે પાડતા તેમાં હ્યુમરસ નામના હાડકાનું ફ્રેકચર જણાઈ આવેલ હતુ. તેઓને તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ વધુ સારવાર માટે નડીઆદ સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવેલ હતા અને અનિવાર્ય સંજોગો ઉભા થતા તેમને તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરેલ. જેની રીફર નોટની ઓફિસ કોપી હું લાવેલ છું, જે રજુ કરુ છું, જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી છે જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૨૭ આપવામાં આવે છે. દર્દીને મેં સારવાર અંગેનું સર્ટીફીકેટ આપેલ. મને સારવાર સર્ટીફીકેટ બતાવવામાં આવે છે, જે મારા હસ્તાક્ષરમાં છે જેમાં મારી સહી તેમજ સીકકો છે જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૨૮ આપવામાં આવે છે. દર્દીને થયેલ ઈજા મારા અભિપ્રાય મુજબ ગંભીર પ્રકારની હતી અને સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને ઈજા ચારથી છ કલાકના અંદરની હતી. તેમજ રીકવરી પીરીયડ જો કોઈપણ પ્રકારનું કોમ્પ્લીકેશન ન ઉભુ થાય તો આવા પ્રકારની ઈજા એકથી દોઢ મહિનામાં સંપૂર્ણ રીકવર થાય તેવી હતી. હું દદીના જમણા હાથનો એકસરે મારી સાથે લાવેલ છું, જે એકસરેમાં જોતા ઉપરોકત જણાવેલ ઈજા જણાઈ આવે છે, જે એકસરે રજુ કરુ છું, જેને રજુ દાખલ આંક–૨૯ આપવામાં આવે છે. મારા

અભિપ્રાય પ્રમાણે દર્દીને થયેલ ધારીયાથી થઈ શકે તેવી હતી. મને એમ.આર.નં.૧૬/ ૨૦૨૫, આર્ટીકલ નં.૧ વાળુ ધારીયુ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છું કે, દર્દીને આ ધારીયાથી ઉપર જણાવેલ ઈજાઓ થઈ શકે.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે આ કામના દર્દી મારી પાસે પોલીસ યાદી વગર આવેલા હતા. એ વાત ખરી નથી કે ઈજા પામનારે મને કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી. એ વાત ખરી નથી કે સારવારના પ્રમાણપત્રમાં જણાવેલ ઈજા સામાન્ય રીતે કોઈ વ્યકિત ખેતીકામ કરતો હોય અને ખેતીના સાધનો વડે આવી ઈજા થઈ શકે. એ વાત ખરી નથી કે ઈજા પામનારે કોઈ ફ્રેકચર થયેલ નહી. એ વાત ખરી નથી કે ઈજાના પ્રમાણપત્રમાં દર્દીએ આરોપીઓના કોઈ નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ખોટુ પ્રમાણપત્ર આપેલ હોય જેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.''

(૨૨) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૦ થી સાહેદ નંબર–૩૦ ત.ક.અમલદાર જિતેન્દ્રસિંહ ભીમસિંહ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો તે વખતે સીએચસી ઠાસરાથી ડો. યશ રાઠોડનાઓએ પીએસઓનાઓને ટેલીફોનીક વર્ધી લખાવેલ કે, દર્દી નામે પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ, ઉ.વ.૪૨, રહે.ખેરાના મુવાડા, તા.ઠાસરાનાઓ આજરોજ સવારના ૧૦:૦૦ની આસપાસ ખેરાના મુવાડામાં, અંબાજી ફળીયા નજીક, તળાવ બાજુ ખેતરમાં જમીનની માપણી બાબતે બોલાચાલી થયેલી હતી, તે દરમ્યાન વિશાલભાઈ ભારતભાઈ રાઠોડ અને ભારતભાઈ સરદારભાઈ રાઠોડ બંનેએ મળીને પ્રવિણભાઈ બાબરભાઈ નાઓને ધારીયુ જમણા હાથમાં મારેલ અને તેમને ઓપન ફ્રેકચર છે તથા જમણા હાથમાં ખભાની નીચે કલોઝ ફ્રેકચર છે અને હથેળીની ઉપરની બાજુ ઘા જોવા મળેલ છે અને તેઓને નડીઆદ રીફર કરેલ છે તો યોગ્ય કાર્યવાહી કરશો તેવી વર્ધીની નોંધ પીએસઓએ

ટેલીફોનીક વર્ધી બુકમાં કરેલ, જે વર્ધી બુકનો ઉતારો આજરોજ રજુ કરુ છું જેમાં પીએસઓની સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે. તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડનાઓએ પીએસઓ શ્રી મનીતાબેન દિનેશભાઈ રૂબરૂ આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિશાલભાઈ ભરતભાઈ રાઠોડનાઓ વિરુધ્ધ બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની ફરીયાદ આપતા પીએસઓએ તેઓના રૂબરૂની ફરીયાદ લઈ ગુનો દાખલ કરી આગળની તપાસ અમોને સોંપેલી હતી. મેં તપાસ સંભાળ્યા બાદ તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ સાહેદ કલ્પેશ વિક્રમભાઈ રાઠોડનાઓએ પંચ અમીનભાઈ અભેસિંહ રાઠોડ જશવંતભાઈ રમણભાઈ રાઠોડનાઓની હાજરીમાં ગુનાવાળી જગ્યા બતાવેલ, જેનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ અમોએ લખી લીધેલુ અને બંને પંચોએ મારી રૂબરૂ સહી કરેલી. મને આંક–૧૬ વાળુ બનાવવાળી જગ્યાનું અસલ પંચનામુ બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છું કે, તેમાં મારી સહી છે, જે હું ઓળખુ છું. મેં સાહેદ વિક્રમભાઈ બાબરભાઈ રાઠોડ, કલ્પેશભાઈ વિક્રમભાઈ રાઠોડ, ઉર્મિલાબેન સચિનભાઈ પરમાર, અમિષાબેન રોશનભાઈ સોઢાપરમાર, શાભયભાઈ પુનાભાઈ રાઠોડ, પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડનાઓના જવાબ લીધેલ તથા આરોપી વિશાલભાઈ ભારતભાઈ રાઠોડનાઓને પંચ શંકરભાઈ સોમાભાઈ પરમાર અને માનસિંગભાઈ સરદારભાઈ રાઠોડની હાજરીમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરનાઓએ ગુનો કરતી વખતે વાપરેલ ધારીયુ તેની માતા કંકુબેને રજુ કરેલ, જે ધારીયુ પંચનામાની વિગતે કબજે કરેલ મને આંક–૧૨ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ અમલદાર તરીકે મારી સહી છે, જે ઓળખુ છું. મેં મેડિકલ ઓફિસર સાહેબશ્રી સીવીલ હોસ્પિટલ, નડીઆદનાઓને દર્દીની ઈજા બાબતે પ્રાથમિક સર્ટી આપવા બાબતે રીપોર્ટ આપેલ, જે રીપોર્ટ મને બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૩૨ આપવામાં આવે છે. મને દર્દીનું મેડિકલ સર્ટીફીકેટ મળતા આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ–૧૧૭(૨)

મુજબનો ગુનો બનતો હોય તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ કલમ વધારવાનો રીપોર્ટ આપેલ, જે નામ. કોર્ટમાં રજુ છે, જેની ઓફિસ કોપી હું રજુ કરુ છું, જેને રજુ દાખલ આંક–૩૩ આપવામાં આવે છે. મારી તપાસ દરમ્યાન ઈજા પામનાર સાહેદે વિશ્વા હોસ્પિટલ, ઉમરેઠ ખાતે સારવાર લીધેલ હોય તેનું સર્ટીફીકેટ તથા સીએચસી ઠાસરાનું સર્ટીફીકેટ તેમજ સીવીલ હોસ્પિટલ, નડીઆદનું સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મને આંક–૨૩ વાળુ સી.એચ.સી., ઠાસરાનું સારવારનું પ્રમાણપત્ર બતાવવામાં આવતા તે મેં ચાર્જશીટ સાથે સામેલ રાખેલ તે જ છે. મેં તપાસના કામે વિશ્વા હોસ્પિટલ, ઉમરેઠનાઓના ડો. કુશલ શાહનું સારવારનું પ્રમાણપત્ર અસલ હું આજરોજ રજુ કરુ છું, જેને રજુ દાખલ આંક–૩૪ આપવામાં આવે છે. મેં તપાસના કામે મહે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ખેડા–નડીઆદ જે.બી. દેસાઈ સાહેબનું હથીયાર બંધીનું જાહેરનામાની નકલ મેળવેલ હતી, જે રજુ કરુ છું, જે નકલ મને બતાવવામાં આવે છે જેમાં કચેરીનું સીલ તથા દેસાઈ સાહેબની સહી છે, જેને રજુ દાખલ આંક–૩૫ આપવામાં આવે છે. આ કામના સાહેદ વિક્રમભાઈ બાબરભાઈ રાઠોડનાઓને ગંભીર બીમારી હોય અને તેઓ હલનચલન કરી શકે તેમ ન હોય અને તેઓ પથારીવશ છે. આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓને મેં અટક કરેલ અને નામ. કોર્ટમાં રજુ કરેલ. આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો મળી આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકુ, જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે તે તે જ છે.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે મારી તપાસમાં બનાવ જમીનની તકરારને કારણે બનેલાનું ખુલવામાં આવેલ હતુ. એ વાત ખરી છે કે તપાસના કામે મેં જમીનના કોઈ રેવન્યુ રેકર્ડ મેળવેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસમાં એવુ ખુલેલ કે, આ કામના આરોપી ભારતભાઈએ ધારીયુ મારેલ નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ તરીકે કબજે કરેલ ધારીયા ઉપર કોઈ લોહીના નિશાન ન હતા. એ વાત ખરી છે કે ધારીયા ઉપર કોઈ પણ વ્યકિતના ચામડીના અવશેષો મળી આવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો મુદ્દામાલ ધારીયાનું

પૃથ્થકરણ કરવા માટે એફ.એસ.એલ. ખાતે મોકલેલ નહી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી બનાવને લગતા કોઈ નોંધાપાત્ર નિશાનો મળી આવેલ નહી. એ વાત ખરી નથી કે તૈયાર લખેલા પંચનામામાં પંચોની સહીઓ કરાવેલ છે. એ વાત ખરી નથી કે તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો ન હોવા છતાં હાલનું ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છું.''

(૨૩) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે, દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદ પક્ષે

પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ: ૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૮ થી ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડને તપાસવામાં આવેલ છે. આ ફરીયાદીની સોગંદ ઉપરની સરતપાસ તથા આંક–૦૯ વાળી ફરીયાદ અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ કામના ફરીયાદીએ બનાવની ચોકકસ તારીખ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ નથી. બનાવ સમયે આ ફરીયાદીના પતિ પ્રવિણભાઈ રાઠોડનાઓને આરોપી ભારતભાઈ સરદારભાઈનાઓએ ખેતરની માપણી કરાવવા માટે ખેતરમાં બોલાવેલ હતા. જેથી આ ફરીયાદીના પતિ ખેતરે ગયેલા હતા. આ ફરીયાદી બનાવ સમયે પોતાના ઘરે હતા અને સવારે સાડા નવ વાગ્યાના સમયે આ ફરીયાદીના પતિ પ્રવિણભાઈને ફરીયાદીના કુવા શાભયભાઈ લોહીલુહાણ હાલતમાં ઘરે લાવેલ હતા. આમ, આ ફરીયાદીએ બનાવ બનતા નજરે જોયેલ નથી. આ ફરીયાદી પોતાના પતિ પ્રવિણભાઈ રાઠોડને બનાવ વિશે પૂછતા પ્રવિણભાઈ રાઠોડે જણાવેલ કે, **વિશાલભાઈ ભારતભાઈ રાઠોડે મને ધારીયુ મારેલુ અને હાથ કાપી નાખેલ છે. મારા પતિને ધારીયુ જમણા ખભાથી નીચેના ભાગે તથા જમણી કોણીના નીચેના ભાગે મારેલુ હતુ.** ત્યારબાદ આ ફરીયાદી અને ફરીયાદીના જેઠનો દીકરો કલ્પેશ પ્રવિણભાઈ રાઠોડને ગાડીમાં બેસાડીને ઠાસરા સરકારી દવાખાને લઈ ગયેલ હતા. આ ફરીયાદીએ ગાડીનું કોઈ વર્ણન કે નંબર પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં કે આંક–૯ વાળી ફરીયાદમાં જણાવેલ નથી. ઈજા પામનાર પ્રવિણભાઈ રાઠોડને

વધુ સારવાર માટે નડિયાદ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયેલા. ફરીયાદીએ આ બનાવની ફરીયાદ આપેલી અને આંક–૯ વાળી ફરીયાદમાં પોતાનો અંગૂઠો ઓળખી બતાવેલ છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવ બનતા નજરે જોયેલ નથી. ફરીયાદીએ હાલની ફરીયાદ બે દિવસ બાદ આપેલી છે તે અંગેનો કોઈ ખુલાસો ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં કે આંક–૯ વાળી ફરીયાદમાં કરેલ નથી. આ ફરીયાદીની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલી ઉલટતપાસ જોવામાં આવે તો, હાલના આરોપીએ ફરીયાદીના પતિ સાહેદ પ્રવિણભાઈ રાઠોડને ધારીયા વડે ઈજા કરેલ હોય કે ગડદાપાટુનો માર મારેલ હોય કે બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી. આમ, આ ફરીયાદીના પુરાવાથી ફરીયાદ પક્ષ આંક–૯ વાળી ફરીયાદ સાબિત કરી શકેલ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૦ થી ઈજા પામનાર સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, બનાવ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ બનેલો અને તે વખતે આ સાહેદ સવારના નવ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે જુવાનભાઈ ચતુરભાઈ રાઠોડ આ સાહેદના ઘરે આવેલા અને જણાવેલ કે, ભારતભાઈ સરદારભાઈ ખેતરે આવેલા છે અને ખેતર માપીને થોરીયા રોપવા માટે બોલાવે છે. જેથી આ સાહેદ ખેતરે ગયેલા, જ્યાં હાલના આરોપી તથા વિશાલભાઈ સરદારભાઈ રાઠોડ, જુવાનસિંહ ચતુરભાઈ, ફતાભાઈ દલાભાઈ, શાભયભાઈ પુનાભાઈ હાજર હતા અને તેઓની હાજરીમાં માપણી કરી થોરીયા રોપેલા હતા અને તે વખતે ભારતભાઈનો દીકરો વિશાલ આવેલ અને ધારીયુ મારી દીધેલ તેવી હકીકત આ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે. વધુમાં આ સાહેદે આરોપી ભારતભાઈ સરદારભાઈએ ગડદાપાટુનો માર મારેલ

અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેવી હકીકત પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વિશાલભાઈ ભારતભાઈ રાઠોડનાઓએ ધારીયુ મારેલુ. હાલના આરોપીએ કોઈ ધારીય મારેલુ ન હતુ. આ ઈજા પામનાર સાહેદ પ્રવિણભાઈ રાઠોડનાઓએ ઠાસરા મેડિકલ ઓફિસરને પણ બનાવની હિસ્ટ્રીમાં વિશાલભાઈએ તિક્ષ્ણ હથીયાર (ધારીયા) વડે હુમલો કરેલ હોવાની હકીકત જણાવેલી છે. હાલના આરોપીએ માર મારેલ હોય તેવી કોઈ હકીકત મેડિકલ ઓફિસરને જણાવેલી નથી. આ કામે આ સાહેદે બનાવ સમયે જુવાનસિંહ ચતુરભાઈ, ફતાભાઈ દલાભાઈ અને શાભયભાઈ પુનાભાઈ હાજર હતા તેવી હકીકત જણાવેલી છે, પરંતુ ફરીયાદ પક્ષે આ કામે શાભઈભાઈ પુનાભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓએ ફરીયાદી તેમજ હાલના સાહેદ અને આરોપી વચ્ચે ઝઘડો થયેલો હોય તેવી કોઈ હકીકતની જાતમાહિતી નથી તેવી હકીકત પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે. હાલના સાહેદને કોણે ઈજા કરેલી? તે અંગે પણ શાભયભાઈ પુનાભાઈ રાઠોડે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં કોઈ હકીકત જણાવેલી નથી. બચાવ પક્ષે કરેલ આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો, ખેતરે માપણી કરીને થોરીયા રોપવામાં આવેલા હતા અને ત્યારબાદ ગામના માણસો જતા રહેલા. આ સાહેદે બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલો છે કે, **<u>એ વાત ખરી છે કે, આ ધારીયુ મને ભારતભાઈએ મારેલુ નહી. સાહેદ જણાવે છે કે, વિશાલે મારેલુ.</u>** આમ, ઉપરોકત હકીકતથી સાબિત થાય છે કે, આ કામના આરોપીએ આ સાહેદને ધારીયુ મારેલુ નથી કે શરીરે અન્ય કોઈ ઈજા કરેલી નથી તેમજ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતન કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૧ થી પંચસાહેદ શંકરભાઈ સોમાભાઈ પરમાર તથા આંક–૧૩ થી પંચસાહેદ માનસિંહ સરદારભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલ છે. આ બન્ને

પંચસાહેદો મુદ્દામાલ ધારીયુ કબજે કરેલ તે અંગેના પંચનામાના પંચસાહેદો છે. આ બન્ને પંચસાહેદોએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસના કહેવાથી ઠાસરા પોલીસ સ્ટેશને ગયેલા અને એક તૈયાર લખેલા પંચનામામાં પોલીસે સહી કરવાની કહેતા અમોએ સહી કરેલી હતી અને અમારી હાજરીમાં પોલીસે આરોપીઓ પાસેથી મુદ્દામાલ ધારીયુ કબજે કરેલ હોય તેવુ બનેલુ નથી. આ બન્ને પંચસાહેદોએ આંક–૧૨ વાળા પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. વિ.એ.પી.પી.શ્રીએ આ બન્ને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલો પૂછેલા હતા, જેનો આ બન્ને પંચસાહેદોએ ઈન્કાર કરતા જવાબ આપેલા છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં આ બન્ને પંચસાહેદોએ સ્વીકાર કરેલ છે કે, પંચનામુ પોલીસે તૈયાર કરેલુ હતુ અને અમે ફકત સહી કરેલી હતી. આમ, આ બન્ને પંચસાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષ આંક–૧૨ વાળુ મુદ્દામાલ રીકવરીનું પંચનામુ સાબિત કરી શકેલ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૫ થી પંચસાહેદ અમીનભાઈ અભેસિંહ રાઠોડ તથા આંક–૧૮ થી પંચસાહેદ જશવંતભાઈ રમણભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલ છે. આ બન્ને પંચસાહેદો બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદો છે. આ બન્ને પંચસાહેદોએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ સાંજના સમયે ખેતરેથી ઘરે આવતા હતા ત્યારે રસ્તામાં પોલીસે ઉભા રખાવેલા અને એક તૈયાર લખેલા પંચનામામાં સહી કરવાનુ કહેતા અમે બન્ને પંચોએ સહી કરેલી હતી. અમે બન્ને પંચ પોલીસ સાથે બનાવવાળી જગ્યા જોવા ગયેલા નહી કે પોલીસે અમારી હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નહી. આ બન્ને પંચસાહેદોએ આંક–૧૬ વાળા પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. વિ.એ.પી.પી.શ્રીએ આ બન્ને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલો પૂછેલા હતા, જેનો આ બન્ને પંચસાહેદોએ ઈન્કાર કરતા જવાબ આપેલા છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં આ બન્ને પંચસાહેદોએ સ્વીકાર કરેલ છે કે, પંચનામુ પોલીસે તૈયાર કરેલુ હતુ અને અમે

ફકત સહી કરેલી હતી. આમ, આ બન્ને પંચસાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષ આંક–૧૬ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ સાબિત કરી શકેલ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૭ થી સાહેદ શાભયભાઈ પુનાભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદ ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈ રાઠોડ તથા આરોપી ભારતભાઈ સરદારભાઈનાઓને ઓળખે છે. આ કામના ફરીયાદીના પતિ પ્રવિણભાઈ રાઠોડ અને આરોપી ભારતભાઈ સરદારભાઈ વચ્ચે કોઈ ઝઘડો થયેલો હોય અને જેમાં પ્રવિણભાઈને ઈજા થયેલ હોય તે અંગે આ સાહેદને કોઈ જાતમાહિતી નથી તેવી હકીકત પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ખેતરેથી ઘરે જતા હતા ત્યારે પ્રવિણભાઈ ખેતરમાં ઉંધા પડેલા હતા અને તેમને હાથમાં વાગેલુ હતુ. પ્રવિણભાઈને ઈજા કેવી રીતે થયેલી અને કોણે કરેલી? તે અંગે આ સાહેદે કોઈ હકીકત પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ નથી, જેથી વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ અને આ સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલો પૂછેલા હતા, જેના આ સાહેદે ઈન્કાર કરતા જવાબ આપેલા છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં પણ આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવમાં પ્રવિણભાઈને કોણે મારેલ અને પ્રવિણભાઈને ઈજા કેવી રીતે થયેલી? તે અંગે મને કોઈ જાતમાહિતી નથી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૯ થી સાહેદ ઉર્મિલાબેન સચિનભાઈ પરમારને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદ ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈના દીકરી છે અને આરોપી ભારતભાઈ સરદારભાઈના તેમના કુટુંબી સગા થાય છે. બનાવ સમયે આ સાહેદ

પોતાની સાસરી અમદાવાદ મુકામે હતા અને બનાવની જાણ આ સાહેદને તેમની માતા ફરીયાદી ધ્વારા થયેલી હતી. આમ, આ સાહેદ બનાવ બનતા નજરે જોયેલ નથી. આ સાહેદને બનાવની જાણ થતા તેઓ સીધા હોસ્પિટલ ગયેલા હતા, જયાં તેઓના પિતાને હાથ ઉપર ઈજા થયેલી હતી. આ બનાવની ફરીયાદ આ સાહેદની માતા કૈલાશબેને આપેલી હતી. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં પણ આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ અમદાવાદ મુકામે તેઓની સાસરીમાં હતા અને બનાવ બનતા તેઓએ નજરે જોયેલ નથી, જેથી બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૨૦ થી સાહેદ અમિષાબેન રોશનભાઈ સોઢાપરમારને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદ ફરીયાદી કૈલાશબેન પ્રવિણભાઈના દીકરી છે અને આરોપી ભારતભાઈ સરદારભાઈના તેમના કુટુંબી સગા થાય છે. બનાવ સમયે આ સાહેદ પોતાના ખેતરમાં ખેતી કામ કરતા હતા અને બનાવની જાણ આ સાહેદને તેમની માતા ફરીયાદી ધ્વારા થયેલી હતી. આમ, આ સાહેદ બનાવ બનતા નજરે જોયેલ નથી. આ સાહેદને બનાવની જાણ થતા તેઓ સીધા હોસ્પિટલ ગયેલા હતા, જયાં તેઓના પિતાને હાથ ઉપર ઈજા થયેલી હતી. આ બનાવની ફરીયાદ આ સાહેદની માતા કૈલાશબેને આપેલી હતી. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં પણ આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ સમયે તેઓ ખેતરે ખેતીકામ કરતા હતા અને બનાવ બનતા તેઓએ નજરે જોયેલ નથી, જેથી બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૨૧ થી સાહેદ કલ્પેશકુમાર વિક્રમભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ

જોવામાં આવે તો, આ સાહેદને બનાવની ચોકકસ તારીખ ખબર નથી, પરંતુ બનાવ એકાદ વર્ષ પહેલા સવારના સાડા દસથી અગીયાર વાગ્યાના અરસામાં બનેલ. બનાવ સમયે આ સાહેદ પોતાના ઘરે હતા અને તેઓના કાકા પ્રવિણભાઈ, શાભચભાઈ પુનાભાઈ, જુવાનભાઈ ચતુરભાઈ તથા ફતાભાઈ દલાભાઈ આ સાહેદના કાકા પ્રવિણભાઈ અને આરોપી ભારતભાઈની જમીનની માપણી કરવાની હોય ખેતરે ગયેલા હતા અને માપણી પતાવીને આ સાહેદના કાકા પ્રવિણભાઈ ખેતરે રોકાયેલા હતા અને બાકીના લોકો પોતાના ઘરે જતા રહેલા હતા અને તે વખતે વિશાલભાઈ ભારતભાઈએ આ સાહેદના કાકાને ધારીયુ મારી દીધેલુ. જેથી બુમાબુમ થતા આ સાહેદ ખેતરે ગયેલા અને બનાવની સઘળી હકીકત આ સાહેદના કાકા પ્રવિણભાઈએ આ સાહેદને જણાવેલી હતી. આમ, આ સાહેદ બનાવ સમયે પોતાના ઘરે હોય બનાવ બનતા નજરે જોયેલ નથી તેવુ ફલિત થાય છે. આ કામના આરોપી ભારતભાઈ સરદારભાઈએ સાહેદ પ્રવિણભાઈને માર મારેલ હોય કે બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ નથી. બનાવની ફરીયાદ આ સાહેદના કાકી કૈલાશબેને આપેલી હતી. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ બનતા નજરે જોયેલ નથી તેમજ હાલના આરોપી ભારતભાઈએ પ્રવિણભાઈને ધારીયુ મારેલુ નથી. આમ, આ સાહેદના પુરાવાથી આ કામના આરોપીએ સાહેદ પ્રવિણભાઈને ધારીયા વડે માર મારેલ હોય કે બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી તે હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૨૨ થી તબીબી સાહેદ ડો. યશ મિતેશભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ તબીબી સાહેદ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ ઠાસરા સી.એચ.સી. ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે બપોરના એક વાગે દર્દી પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા

હતા. ઈજા પામનારે હિસ્ટ્રીમાં જણાવેલ કે, અંબાજી ફળીયુ, તળાવ નજીક, ખેરાના મુવાડા ખેતરમાં સવારના દસ વાગે વિશાલ રાઠોડ અને ભરતભાઈ રાઠોડ સાથે જમીન બાબતે તકરાર થયેલી, જેમાં વિશાલે ધારીયાથી હુમલો કરેલો. આ તબીબી સાહેદે ઈજા પામનાર પ્રવિણભાઈની સારવાર કરેલી હતી અને દર્દીને થયેલી ઈજા ધારીયા જેવા હથીયારથી થઈ શકે તેવી હતી. આ તબીબી સાહેદે મુદ્દામાલ તરીકે કબજે કરેલ ધારીયાથી દર્દીને થયેલી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે. આ તબીબી સાહેદે ઈજા પામનારની સારવાર અંગેનું પ્રમાણપત્ર આપેલ હતુ, જે આ કામે આંક–૨૩ થી કામમાં સામેલ છે અને જેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ તબીબી સાહેદે ઈજા પામનારની પ્રાથમિક સારવાર કરેલી હતી અને વધુ સારવાર માટે નડિયાદ રીફર કરેલા હતા. ઈજા પામનારે આ તબીબી સાહેદને આરોપી ભારતભાઈ સરદારભાઈએ કોઈ ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ ન હતી. આમ, આ તબીબી સાહેદના પુરાવાથી ઈજા પામનાર પ્રવિણભાઈને ધારીયા વડે ઈજા થયેલી હતી તે હકીકત સાબિત થાય છે, પરંતુ આ કામના આરોપીએ ઈજા પામનારને ઈજા કરેલ હોય તે હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૨૫ થી તબીબી સાહેદ ડો. મિતેશભાઈ અજયભાઈ શાહને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ તબીબી સાહેદ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ નડિયાદ સીવીલ હોસ્પિટલ ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે દર્દી નામે પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડનાઓ રીફર નોટ સાથે તેઓની હોસ્પિટલમાં સારવાર માટે આવેલા હતા. ઈજા પામનારે આ તબીબી સાહેદને બનાવની હિસ્ટ્રીમાં જણાવેલ હતુ કે, તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારના દસ વાગે ખેતરમાં વિશાલભાઈ ભરતભાઈ રાઠોડનાઓએ ધારીયુ મારેલ અને તે સમયે જુવાનભાઈ ચતુરભાઈ તથા ફતાભાઈ અને પ્રવિણભાઈ કુલાભાઈનાઓ સાથે હતા. ઈજા પામનાર પ્રવિણભાઈ બાબરભાઈએ હાલના

આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ તેઓને કોઈ ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત આ તબીબી સાહેદને જણાવેલ નથી. આ તબીબી સાહેદે ઈજા પામનાર પ્રવિણભાઈની સારવાર કરેલી હતી અને દર્દીને થયેલી ઈજા ધારીયા જેવા હથીયારથી થઈ શકે તેવી હતી. આ તબીબી સાહેદે મુદ્દામાલ તરીકે કબજે કરેલ ધારીયાથી દર્દીને થયેલી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે. આ તબીબી સાહેદે ઈજા પામનારની સારવાર અંગેનું પ્રમાણપત્ર આપેલ હતુ, જે આ કામે આંક–૨૮ થી કામમાં સામેલ છે અને જેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ તબીબી સાહેદના અભિપ્રાય મુજબ દર્દીને થયેલી ઈજા ગંભીર પ્રકારની હતી અને સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. આ તબીબી સાહેદ પોતાની સાથે સી.એચ.સી., ઠાસરાની રીફર નોટ જે આ કામે આંક–૨૬ થી સામેલ છે તે લાવેલા હતા તેમજ ઈજા પામનારને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરેલા હતા, તેનુ ટ્રાન્સફર ફોર્મ રજૂ કરેલ હતુ, જે આ કામે આંક–૨૭ થી સામેલ છે તેમજ ઈજા પામનારને એક્ષરે કરાવેલ હતો તે એક્ષરે આંક–૨૯ થી સામેલ છે. બચાવ પક્ષે કરેલ કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ તબીબી સાહેદે ઈજા પામનારની સારવાર કરેલી હતી અને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પિટલ રીફર કરેલા હતા. ઈજા પામનારે આ તબીબી સાહેદને આરોપી ભારતભાઈ સરદારભાઈએ કોઈ ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ ન હતી. આમ, આ તબીબી સાહેદના પુરાવાથી ઈજા પામનાર પ્રવિણભાઈને ધારીયા વડે ઈજા થયેલી હતી તે હકીકત સાબિત થાય છે, પરંતુ આ કામના આરોપીએ ઈજા પામનારને ઈજા કરેલ હોય તે હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૦ થી સદર ગુનાની તપાસ કરનાર અમલદાર હેડ કો. જિતેન્દ્ર ભીમસિંહ ચાવડાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ તેઓના પુરાવામાં સરતપાસમાં તેઓની તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ ત.ક.અમલદારે સાહેદોના નિવેદનો નોંધેલા તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામુ તથા મુદ્દામાલ રીકવરીનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખેલ હતુ અને ઈજા

પામનારના સારવારના પ્રમાણપત્રો મેળવેલા હતા અને આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો મળી આવતા નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં આ ત.ક.અમલદારે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ બનવાનુ કારણ જમીનની માપણીની તકરાર હતી. આ ત.ક.અમલદારે તપાસના બનાવવાળી જગ્યાનું કોઈ રેવન્યુ રેકર્ડ સરકારી કચેરીએથી મેળવેલુ નથી. આ ત.ક.અમલદારની તપાસમાં આ કામના આરોપી ભારતભાઈ સરદારભાઈએ ઈજા પામનાર સાહેદ પ્રવિણભાઈને ધારીયુ મારેલ હોય તેવી કોઈ હકીકત ખુલવા પામેલ ન હતી. આ ત.ક.અમલદાર કબજે કરેલ મુદ્દામાલને પૃથ્થકરણ સારૂ એફ.એસ.એલ.માં મોકલાવેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએથી આ ત.ક.અમલદારે બનાવને અનુસંધાને કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી કે બનાવ બનેલ છે તેવા કોઈ ચિહનો બનાવવાળી જગ્યાએથી મળી આવેલા નથી. આ ત.ક.અમલદારે બનાવવાળી જગ્યાને આજુબાજુમાં આવેલા ખેતર માલિકોના કોઈ નિવેદનો લીધેલા નથી. આ ત.ક.અમલદારે ઈજા પામનાર સાહેદના જણાવ્યા મુજબ બનાવ સમયે હાજર રહેલ વ્યકિત શાભયભાઈ પુનાભાઈ, જવાનભાઈ ચતુરભાઈ તથા ફતાભાઈ દલાભાઈ પૈકી શાભયભાઈ પુનાભાઈ એકલાનું જ નિવેદન નોંધેલુ છે. અન્ય બે સાહેદોના નિવેદનો આ ત.ક.અમલદારે નોંધેલા નથી. આ ત.ક.અમલદારના પુરાવા મુજબ વિશાલકુમાર ભારતભાઈ રાઠોડનાઓ બનાવ સમયે કાયદાથી સંઘર્ષમાં આવેલ બાળ કિશોર હતા અને તેના વિરુધ્ધ જુવેનાઈલ કોર્ટમાં અલગથી ચાર્જશીટ કરવામાં આવેલુ છે. આમ, આ ત.ક.અમલદારના પુરાવાથી સાબિત થાય છે કે, હાલના આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ ઈજા પામનાર પ્રવિણભાઈ રાઠોડનાઓને ધારીયા વડે ઈજા કરેલી હોય કે બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે સાબિત થતુ નથી.

(૨૪) આ તબકકે **2022 (0) AIJEL-HC 244787, રંજનબેન વિ. ગુજરાત રાજય**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવો જોઈએ, જે નીચે મુજબ છે.

**"(a) Code of Criminal Procedure, 1973 - S. 378 - Indian Penal Code,**

**1860 - S. 323, 506(2), 452, 427, 114 - appeal against acquittal - offence of voluntarily causing hurt, intentional insult, criminal intimidation, trespassing and mischief - appellant/complainant alleged that she had gone to stop accused from playing loud music - accused entered her verandah and inflicted her with kicks and fist blows - she was abused and threatened - her gown was torn - her son was beaten with cycle chain - order passed by Trial Court acquitting accused - challenged – contention that acquittal was made merely on basis of minor contradictions and omissions in evidence of witnesses - held, no medical treatment was taken in connection to incident - witnesses have changed place of incident, contradictory to investigation carried out- witnesses who are neighbours of complainant have not supported prosecution case and their evidence cannot be relied upon - major contradictions in complaint and evidence of complainant - evidence of all witnesses are contradictory regarding hold of complainant's son by accused and inflicting blows on his neck - no torn gown has been seized by investigating agency - thus, aspect of tearing gown is also doubtful - allegation of using abusive language and threats are also not proved - prosecution has failed to prove the case against accused by leading with cogent and convincing evidence - no interference with order of acquittal - appeal dismissed. (Para 21,23,25,26,27,28)."**

આ તબક્કે **નામદાર ગુજરાત વડી અદાલતના ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત'' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવો જોઈએ, જે નીચે મુજબ છે.

**"In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record**

by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence."

આ તબકકે અત્રેની અદાલતે **નામદાર સર્વોચ્ચ અદાલતનો ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬** નો ચુકાદો ધ્યાને લીધેલછે. જે ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે,

**"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."**

**નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨)** માં પ્રસિધ્ધ થયેલ છે, જેના પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે,

**"15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.**

**19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808]."**

(૨૫) વધુમાં આ કામે આ કામના આરોપીએ જી.પી.એકટની કલમ–૧૩૫ નો ભંગ કરેલ હોય તે મુજબનો પણ કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજૂ થયેલ નથી. આમ, ઉપરોકત રજૂ થયેલ તમામ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા તેમજ ઉપરોકત ચુકાદાઓનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરતા ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધનું તહોમત કે, તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યાના સુમારે મોજે ખેરાના મુવાડા, સીમ વિસ્તારમાં ફરીયાદીના ખોડીયાવાળા ખેતરના શેઢાની માપણી કરી થોર રોપતી વખતે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ ફરીયાદીના સાહેદ

પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડ નજીક જઈ હાલના આરોપીને જણાવેલ કે, કાલે આવો બોલતો હતો તેમ કહી ગમેતેમ ગાળો બોલતા બોલતા પોતાના હાથમાંનું ધારીયુ ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જમણા હાથે મારી ફ્રેકચરની ઈજા કરી તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ નજીકમાંથી આવી ફરીયાદીના સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને ગમેતેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર વિશાલકુમાર સ/ઓ ભારતભાઈ સરદારભાઈ રાઠોડ તથા આરોપી ભારતભાઈ સરદારભાઈ રાઠોડનાઓએ સાહેદ પ્રવિણભાઈ બાબરભાઈ રાઠોડને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ખેડા–નડિયાદના જાહેરનામાનો ભંગ કરી **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબનું શિક્ષાપાત્ર ગુનાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે, જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપી **ભારતભાઈ સરદારભાઈ રાઠોડ, ઉ.વ.૪૫, રહે. ખેરાના મુવાડા, નિશાળવાળુ ફળીયુ, તા.ઠાસરા, જિ.ખેડા**નાઓને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧)** અન્વયે **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતી નં.૬૯/૨૦૨૫, તા.૨૪/૦૨/૨૦૨૫ માં જણાવેલ મુદ્દામાલ ધારીયુ નંગ–૦૧, જે ક્રિમીનલ કેસ (જુવેનાઈલ) નં.૧૪/૨૦૨૫ ના કામે રજૂ થયેલ છે અને સદરહુ કેસનો નિકાલ બાકી છે, જેથી ઉપરોકત મુદ્દામાલ પાવતીમાં રજૂ થયેલ મુદ્દામાલ

નાશ કરવા અંગેનો હુકમ ક્રિમીનલ કેસ (જુવેનાઈલ) નં.૧૪/૨૦૨૫ ફેંસલ થયેથી અલગથી હુકમ કરવામાં આવશે.

(૩) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન આથી રદ્દ કરવામાં આવે છે. આ કામના આરોપીએ આ કામે અપીલ થયેથી એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા.

હુકમ આજરોજ તા.૨૮ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
on 28/07/2026 17:48:06 IST.

તારીખ : ૨૮/૦૭/૨૦૨૬
સ્થળ : ઠાસરા

**(વિપુલ અમૃતલાલ ઠક્કર)**
જ્યુડી.મેજી.ફ.ક., ઠાસરા
જીજે ૦૧૪૫૫

સુકેતુ એ. શ્રીમાળી
ગુજરાતી સ્ટેનોગ્રાફર–૩
**KH010336**